

સંબંધોના તાણાવાણા
ગીતા શ્રોફ

# આધુનિક સ્ત્રી માત્ર 'માતા' જ નહીં ! એક સ્વતંત્ર વ્યક્તિત્વ!

આધુનિક સ્ત્રી માત્ર 'માતા' નથી પણ એક સ્વતંત્ર વ્યક્તિત્વ, કરિયર અને સ્વપ્નો ધરાવતી વ્યક્તિ છે. વૈજ્ઞાનિક રીતે માતૃત્વ માત્ર બાળકને જન્મ આપવાની પ્રક્રિયા નથી પરંતુ સ્ત્રીના શરીર, મગજ અને હોર્મોન્સમાં થતું એક અદ્ભુત પરિવર્તન છે, જે લાગણી-સંવેદના-રક્ષણભાવ અને જીવન પ્રત્યેની જવાબદારીને મજબૂત બનાવે છે. ગર્ભાવસ્થા અને માતૃત્વ દરમિયાન શરીરમાં ઑક્સિટોસિન જેવા હોર્મોન્સ વધે છે, જે માતા અને બાળક વચ્ચે ગાઢ લાગણીશીલ જોડાણ ઊભું કરે છે. સામાજિક રીતે માતૃત્વ નવી પેઢીને ઘડવાનું સૌથી મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે કારણ કે બાળકના પ્રથમ સંસ્કાર, ભાષા, પ્રેમ, વિશ્વાસ અને માનવીય મૂલ્યોનો આરંભ મોટા ભાગે માતાની ગોદમાંથી થાય છે. એક સજાગ અને સંવેદનશીલ માતા માત્ર પરિવારને નહીં પરંતુ સમગ્ર સમાજને સ્થિરતા, સંસ્કાર અને ઉજ્જવળ ભવિષ્ય આપે છે.

આજના સમયમાં માતૃત્વના મૂળભૂત વિચારોમાં ખૂબ મોટો બદલાવ જોવા મળે છે. મોટી ઉંમરે લગ્ન, લગ્નના લાંબા સમય બાદ માતૃત્વની પસંદગી, એક જ સંતાન, પ્રસૂતિની પીડામાંથી મુક્તિ માટે પ્લાન્ડ સીઝેરિયન, સંતાન માટે IVF ટ્રીટમેન્ટ, બાળક દત્તક લેવાની તૈયારી, વિગેરે વિગેરે.... કેટલીક યુવતીઓને સ્વચ્છંદી, બેફિકર અને પોતાની શરતો પર જીવાતું જીવન ખૂબ આકર્ષક લાગે છે પરંતુ ઘણી વાર જીવનની સાચી ઊંડાઈ માત્ર સ્વતંત્રતામાં નહીં પણ પ્રેમ, જોડાણ અને કોઈને ઘડવાની ખુશીમાં છુપાયેલી હોય છે, જેનું ભાન સમયની સાથે થાય છે. બાળક માત્ર જવાબદારી નથી- તે જીવનમાં નિઃસ્વાર્થ પ્રેમ, નવી ઊર્જા, હાસ્ય,લાગણી અને પોતાના અસ્તિત્વને નવી રીતે ઓળખવાનો અવસર છે. દુનિયા ફરવી, સપનાં પૂરાં કરવાં અને પોતાના જીવનને જીવવું મહત્ત્વનું છે પરંતુ કોઈ નાનકડું જીવન જે તમારો અંશ બનીને આવે, તમારા હાથથી વિકસે, તમને 'મમ્મી' કહી બોલાવે અને તમારી અંદરની અજાણી શક્તિ બહાર લાવે- એવો આનંદ પણ અનોખો હોય છે. સ્વતંત્રતા અને માતૃત્વ એકબીજાના વિરોધી નથી, સમજદારીથી બંને સાથે જીવાઈ શકે છે.

આજના સમયમાં એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે. જેને સ્વતંત્રતા મળે છે, તે વધુ કંઈક શોધે છે અને જેને બંધન મળે છે, તે મુક્તિ ઈચ્છે છે. માનવ મનનું આ મૂળભૂત સ્વરૂપ છે - ' જે છે તેનાથી વધુ કે જુદું શું હોઈ શકે?' એ સતત પ્રશ્ન બની રહે છે. કારણ માનવ મગજ હંમેશાં નવું શોધે છે. જે આપણી પાસે હોય કે સહેલાઈથી મળી શકે છે એમ હોય, તે ધીમે ધીમે 'સામાન્ય' બની જાય છે અને મોટા ભાગે શિક્ષણ, કરિયર અને વિચારને સરળતાથી વ્યક્ત કરતી યુવતીઓ, 'સ્થિરતા' અને પ્રેમમાં 'પડકાર' શોધે છે. ખાસ કરીને હાલમાં એક મોટો વૈજ્ઞાનિક ફેરફાર જોવા મળે છે-' બાળક માત્ર સ્ત્રીની જવાબદારી કેમ?' 'જો પુરુષ બાળકને મૂકીને બહાર ફરી શકતો હોય તો સ્ત્રી કેમ નહીં?'



## કેસ : 1

કિયા અને કૈરવના લગ્નને બે વર્ષ થયાં હતાં. કૈરવ ધનાઢ્ય પરિવારનો પુત્ર હતો. કિયા અને કૈરવ જીવનને ખૂબ મોજમસ્તીથી માણતાં હતાં. રોજ મોડી રાત સુધીની પાર્ટી, વીક એન્ડમાં લોન્ગ ડ્રાઈવ પર દૂર દૂર નીકળી જવું. તેમના ગ્રુપમાં લગભગ બધા મિત્રો આવું જ જીવન જીવતા હતા. એક દિવસ કૈરવની મમ્મીએ કિયાને પૂછ્યું કે ''તું સ્વેચ્છાએ બાળક કન્સીવ નથી કરતી કે તને ગર્ભ રહેતો નથી? જો તું ઇચ્છે તો હું તને ડૉક્ટર પાસે લઇ જાઉં. તમે બંને 36 વર્ષનાં થઇ ગયાં છો, પછી ઘણું મોડું થઈ જશે.'' કિયા જવાબ આપ્યા વિના પોતાના રૂમમાં જતી રહી અને કૈરવ સાથે ઊંચા અવાજે વાત કરવા લાગી. કૈરવે બહાર આવી તેની મમ્મીને ઠપકો આપ્યો કે, ''તું કેવી રીતે આવા પર્સનલ પ્રશ્નો કિયાને પૂછી શકે? તારે મને પૂછવું જોઇતું હતું.'' કૈરવની મમ્મીને લાગ્યું કે આ જનરેશનને આવી વાત આમ ન પૂછાય તેથી તેણે કિયાની માફી માંગી લીધી પણ આ પ્રશ્ન તેને અંદરથી મૂંઝાતો રહ્યો. હિંમત કરીને તેમણે કિયાની મમ્મીને ડરતાં ડરતાં આ વાત કહી. કિયાની મમ્મીએ કહ્યું કે તે સ્વયં પણ આવું પૂછતાં ડરે છે, કારણ કિયાને તેના અંગત જીવનમાં કોઈની દખલગીરી નથી જોઈતી. ધીમે ધીમે આ વાત વણસતી ગઈ જેની અસર પરિવારની તમામ વ્યક્તિઓના વર્તનમાં દેખાવા લાગી. કૈરવના પિતાએ કઠોર નિર્ણય લીધો. કૈરવના ખર્ચાઓ પર કાપ મૂકી દીધો. કિયા રિસાઈને પિયર જતી રહી, જેથી કૈરવ તેનાં માતાપિતા પર નારાજ થયો. કેસ કોર્ટ સુધી પહોંચ્યો, જ્યાં કિયા કૈરવનું કાઉન્સેલીંગ થયું. કૈરવે કહ્યું કે ''મને બાળક લાવવામાં કોઇ વાંધો નથી પણ કિયા તૈયાર નથી. મારાથી તેને ફોર્સ થાય એમ નથી, તેથી મેં સ્વીકારી લીધું છે.'' કિયાએ કહ્યું કે તેનું ફીગર બગડવાની, જવાબદારી આવી પડવાની અને બંધન આવી જવાના ભયના કારણે તે 'મા' બનવા નથી માંગતી. તેને બાળક સાચવવું, મોટું કરવું, તેમાં સમય નથી વેડફવો. કૈરવ માતાપિતાનું એક માત્ર સંતાન હોવાથી મા-બાપે તેમની પાસે સંતાનની અપેક્ષા રાખી હતી. કિયાનું કહેવું હતું કે, લગ્ન પહેલાં તેને આવું પૂછવામાં આવ્યું હોત તો તે લગ્ન જ ન કરતે. જ્યારે કૈરવનાં માબાપનું કહેવું હતું કે અમે નહોતાં જાણતાં કે અમારે લગ્ન પહેલાં આવો પ્રશ્ન પૂછવો જોઇતો હતો. જો કિયાએ ત્યારે જ કહી દીધું હોત કે તે બાળક નથી ઇચ્છતી તો અમે પણ બીજી છોકરી જોવા જતે.

આ વિષય સીધો 'કોણ સાચું-કોણ ખોટું' એવો નથી. થોડું ધ્યાનથી જોઈએ તો સમજાય કે આ માનસિકતા વિરોધાભાસી નથી- એ માનવ સ્વભાવની જ એક નોર્મલ સાયકોલોજી છે. અહીં કારણ એ છે - અપેક્ષા અને વાસ્તવિકતા વચ્ચેનો ગેપ. જ્યારે બધી છૂટ મળતી હોય ત્યારે અપેક્ષાઓ વધતી જાય અને અપેક્ષા વધે એટલે સંતોષ ઘટે. સંતોષ ઘટે એટલે નવા વિકલ્પોની શોધ શરૂ થાય. આ એક સાઈકલ છે. જ્યારે કિયાની સાથે ખુલ્લી ચર્ચા કર્યા બાદ સંવાદ કર્યો ત્યારે કિયાની સમજ બદલાવા લાગી. એને સમજાયું કે એનું મન સ્થિર નથી રહેતું. એ ક્યારેક પ્રેમની, ક્યારેક સ્વતંત્રતાની ક્યારેક ઓળખની સતત કંઇ ને કંઇ શોધમાં રહે છે. એટલે તેણે પોતાને મળેલી છૂટ અને બાળકના આવવાથી થનાર બંધન વચ્ચે સંતુલનના મારગની પસંદગી કરી. કૈરવનાં માતા-પિતા સાથે ખૂબ લાંબી ચર્ચા બાદ જવાબદારીની વહેંચણી થાય તો તે 'મા' બનવા તૈયાર છે એવા નિર્ણય પર આવી.

આ કેસ પરથી એટલું સમજવા મળ્યું કે, પહેલા 'મા' બનવું એ સ્ત્રી માટે 'વરદાન' અને 'આશીર્વાદ' માનવામાં આવતું અને કોઇ પણ પ્રશ્નો, ચર્ચા કે સંકોચ વગર-સ્ત્રીઓ સહજ રીતે માતૃત્વ સ્વીકારી લેતી પરંતુ આજે દશ્ય બદલાઈ રહ્યું છે. શિક્ષણ, ટેકનોલોજી અને માહિતીના વધતા પ્રવાહ સાથે સ્પષ્ટતા ભલે વધી પણ સાથે સાથે કન્ફ્યુઝન પણ વધ્યું છે, જેથી માતૃત્વ હવે 'સ્વાભાવિક ફરજ' નહીં, પણ એક વિચારપૂર્વક લેવાતો નિર્ણય બની ગયો છે.

## કેસ : 2

સાક્ષી અને સર્જન કોર્ટમાં એટલે પહોંચ્યાં કે સર્જનને બાળક જોઈતું હતું અને સાક્ષીને બાળક કન્સીવ નહોતું કરવું. સર્જનની ફરિયાદ હતી કે, સાક્ષીએ લગ્ન પહેલાં આવી સ્પષ્ટતા નહોતી કરી. જ્યારે સાક્ષીનું કહેવું તું કે તેણે લગ્ન પહેલાં જ કહ્યું હતું કે, તે 2-4 કૂતરાંઓ પાળશે અને જેને તેઓ બાળકો જેવો પ્રેમ આપશે. સર્જનનું કહેવું હતું કે સાક્ષીએ આવી સ્પષ્ટતા નહોતી કરી કે કૂતરાઓ પાળવા પાછળ તેનો બાળક ન કરવાનો હેતુ છે. સર્જને કહ્યું, કે સાક્ષી ખૂબ પ્રેમાળ માતા છે. તેમનો એક કૂતરો છ મહિનાથી અપંગ થઇ ગયો છે અને સાક્ષી તેની ગજબ સેવા કરેછે. તે ત્રણેય કૂતરાઓની ખૂબ સરસ દેખભાળ કરે છે પણ મને તો બાળકો જોઇએ છે. એણે મને મારી પસંદગી કેમ ન પૂછી ? આખરે સાક્ષી- સર્જને પરસ્પરની સંમતિથી છૂટાછેડા લઇ લીધા.

આ સમસ્યા 'સંસ્કૃતિ' કે 'પેઢી'ની નથી, આ સમસ્યા સમજ અને સંતુલનની છે. હવે લગ્ન પહેલાં ઘણી સ્પષ્ટતાઓ જરૂરી બની છે.

» લગ્ન પહેલાં જ 'જીવનમાંથી શું જોઈએ છે?' એની ખુલ્લી ચર્ચા જરૂરી.
» બાળકના જન્મથી સ્ત્રીના કરિયરમાં વિરામ આવવાનો ભય હોય ત્યારે જવાબદારીની વહેંચણી પતિ, પત્ની બંનેના પરિવાર વચ્ચે પહેલેથી આયોજનથી કરી લેવી જોઈએ.
» શરીર અને જીવનશૈલી અંગેની ચિંતા હોય તો ડાયટીશ્યન, ફિઝિકલ એક્સરસાઈઝ, લાઈફ સ્ટાઈલ બદલાવ, થેરપીસ્ટની મદદ લેવી જોઇએ.
» ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર ઢગલાબંધ અનુભવો અને ડરાવનારી વાર્તાઓ પેરન્ટીંગ સ્ટ્રેસ, પોસ્ટપાર્ટમ ડીપ્રેશન, માનસિક દબાણ વધારે છે. તેથી માતૃત્વ માટે માર્ગદર્શન અને વર્કશોપ જરૂરી છે.
» માતૃત્વને ફક્ત ત્યાગ તરીકે નહીં, પણ વિકાસ ને આનંદ તરીકે રજૂ કરી પોઝિટિવ નેરેટિવ બનાવવા જોઈએ.
» મેટરનીટી - પેટરનીટી લીવ, ડે-કેર સુવિધાઓ, ફ્લેક્સીબલ વર્કિંગ - આવી સીસ્ટમ અને સપોર્ટ વધારવા જોઈએ.
» પરિવાર અને સમાજમાં આ વિષય પર ખુલ્લી અને નિષ્પક્ષ ચર્ચા થવી જોઈએ.
» દરેક સ્ત્રીને સંપૂર્ણ માહિતી, સપોર્ટ અને સ્વતંત્રતા મળી રહે-જેથી તે પોતાની જીવનયાત્રામાં માતૃત્વને સમજ સાથે અને ખુશીથી સ્વીકારી શકે.'જીવન આપવું એ સૌથી મોટી શક્તિ છે-પણ તે શક્તિનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવો, તેનો નિર્ણય પણ એટલો જ મહત્વનો છે.'
» સમાજે માતૃત્વ-પિતૃત્વને માત્ર સ્ત્રીની જવાબદારી ન માની, સહભાગિતાની સંસ્કૃતિ વિકસાવવી જોઈએ.
» સરકાર દ્વારા ટેક્સ રાહત, બાળસંભાળ સબસિડી, સસ્તું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ તથા ડે-કેર તથા હાઉસિંગ સપોર્ટ જેવી નીતિઓ આજની માગ છે. જ્યારે બાળક ઉછેરવું એકલાં દંપતીની લડાઈ નહીં રહે પણ સમગ્ર સિસ્ટમનો સહયોગ મળશે ત્યારે યુવાનો ફરી વિશ્વાસ સાથે પરિવાર વધારવાનો વિચાર કરતા થશે.

Instagram@gita.shroff